





# ગુરુઆજ્ઞાપાલનમાં સદા તત્પર પૂ. શાંતિદાદા

~ ડૉ. ધનંજય પટેલ

**'સાહેબદાદા** આપને યાદ કરે છે.' એમ જો કોઈ, પૂ. શાંતિદાદાને કહે તો તેમને જોવા જેવા હોય ! જે કરતા હોય તે બધું બાજુ પર મૂકીને તરત ઊભા થઈને બસ દોડવાની જ તૈયારી કરે. સાહેબદાદા સાથે ફોન પર વાત કરે તો પણ જાણે સાહેબદાદા સામે જ ઊભા હોય તેવી વિનમ્રતા સાથે પોતાના સ્થાને ઊભા થઈને ગદ્‌ગદભાવે તેમને સાંભળે. અને સાહેબદાદા જો રૂબરૂ બોલાવે ને વાત કરે તો તેમના હૈયે તે ક્ષણની ધન્યતા અને આંખો ભીની અનુભવાય ! આપણે સૌએ તે દર્શન કર્યાં જ છે !

તેઓના હૈયે વ્યાપેલી આવી ધન્યતાનો અનુભવ કરવાનો મને પણ અવસર મળ્યો છે. લગભગ ૧૪-૧૫ વર્ષ પહેલાંનો પ્રસંગ છે. ૨૩ જાન્યુઆરીની સવારે ગુરુદેવ યોગીજી મહારાજની પુણ્યતિથિની સભા પ્રાસાદિક આમ્રવૃક્ષ નીચે સંતભગવંત સાહેબજીની નિશ્રામાં કરી રહ્યા હતા. ત્યારે પહેલી વખત તે સભામાં અમે યોગીબાપાના આશીર્વાદનું પ્રવચન વગાડ્યું. તે સાંભળી સાહેબદાદા અને સૌ સદ્‌ગુરુ સંતો ખૂબ રાજી થયા. મારે રિસર્ચના કામ માટે બગોદરા જવાનું હતું એટલે જેવી સભા પૂરી થઈ કે તરત જ હું કોઈનેય મળ્યા વગર ત્યાંથી નીકળી ગયો.

પૂ. શાંતિદાદાએ મને શોધ્યો. હું ના મળ્યો એટલે તેઓએ પૂ. પરેશદાસજીને સંદેશો આપ્યો કે, 'આજે યોગીબાપાનું જે પ્રવચન વગાડ્યું તે સાંભળીને લખવાનું છે તો ધનંજયને કહેજો કે તે લખી આપે !' માંડ ૫-૬ કિલોમીટર અંતર કાપ્યું હશે, રસ્તામાં જ હતો અને પૂ. પરેશદાસજીએ ફોન કરીને મને પૂ. શાંતિદાદાની આજ્ઞા જણાવી. પૂ. શાંતિદાદા સેવા માટે આપણને યાદ કરે અને આવી આજ્ઞા કરે તેનો આનંદ કંઈક જુદો જ હોયને ! તે આનંદ સાથે આખા રસ્તે બાઈક ચલાવતાં ચલાવતાં એ વિચારોમાં મગ્ન રહ્યો કે, 'વર્ષો પહેલાં અનુપમ મિશન દ્વારા પ્રકાશિત 'પ્રગટની પરાવાણી' નામના ગ્રંથ માટે યોગીબાપાનાં પ્રવચનો સાંભળીને લખવાની જે સેવા પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ કરેલી તેવી સેવા મને મળી ! મારાં અહોભાગ્ય !'

પરંતુ, આખો દિવસ કામમાં જ વ્યસ્ત રહેવાયું અને આવતાં મોડું થયું. પૂ. શાંતિદાદાને મળવાની તાલાવેલી તો હતી પણ, સંજોગોવશાત્ મળી ના શકાયું. બીજા દિવસે પૂ. શાંતિદાદા વિચરણ અર્થે નીકળી ગયા અને ૨-૪ દિવસો બાદ પાછા આવ્યા ત્યારે તેઓને મળવાનું થયું, પણ ત્યારે આ સોંપાયેલી સેવા બાબતે કોઈ વાત થઈ નહીં. તેઓએ પણ ના પૂછ્યું અને મેં પણ કોઈ વાત ના કરી. પણ મેં તેઓની આજ્ઞા મુજબ યોગીબાપાનું એ આશીર્વાદ પ્રવચન સાંભળીને લખી દીધું હતું.

ત્યારબાદ ૩૧મી જાન્યુઆરીએ 'વર્ણીકુંજ'માં પૂ. સાહેબદાદાની નિશ્રામાં શિબિર હતી. બહુ મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા હતા. મંડપ બાંધ્યો હતો. પૂ. સાહેબદાદા આશીર્વાદ વરસાવી રહ્યા હતા ને અચાનક જ તેઓએ ૨૩ જાન્યુઆરીએ સવારે વગાડેલા પૂ. યોગીબાપાના પ્રવચનને યાદ કર્યું. પછી ચાલુ પ્રવચનમાં પૂ. શાંતિદાદા બાજુ જોઈને બોલ્યા કે, 'પ્રવચન લખાઈ ગયું ?' આખી સભા વિસ્મયમાં અને પૂ. શાંતિદાદા તો સ્તબ્ધ !

હું સભામાં સ્ટેજથી દૂર પૂ. પરેશદાસજીની બાજુમાં બેઠો હતો. જોરથી મારા પગ પર હાથ પછાડીને તેઓ મને કહે કે, 'બોલ લખાઈ ગયું છે !' મને એમ થાય કે, 'આટલી મોટી સભામાં બધા વચ્ચે ક્યાં આવું કરવું.' મારો આટલો નાનો વિચાર પૂરો થાય ત્યાં તો ફરી તેઓએ કહ્યું કે, 'શું કરે છે ? ઊભો થઈને બોલને.' આખી સભા શાંત હતી, પૂ. શાંતિદાદા બે હાથ જોડી મૌન હતા એટલે તરત જ હું ઊભો થયો ને જોરથી બૂમ પાડીને બોલ્યો કે, 'સાહેબદાદા ! લખાઈ ગયું છે.' તો સાહેબદાદા કહે કે, 'ક્યાં છે ?' મેં કહ્યું, 'રૂમમાં !' બધા હસી પડ્યા. હું બ્રહ્મજ્યોતિમાં જ રહેતો હતો એટલે તરત જ રૂમમાં જઈને તે ચોપડો લઈ આવ્યો કે જેમાં મેં એ પ્રવચન લખ્યું હતું. સભા પછી મંચ પર જઈને પૂ. સાહેબદાદાને એ ચોપડો અને એમાં લખેલું પ્રવચન બતાવ્યું, તે જોઈ સાહેબદાદા ખૂબ પ્રસન્ન થયા. અને તે સમયે પૂ. શાંતિદાદા તો એટલા બધા રાજી હતા કે ના પૂછોને વાત !

સભા પૂરી થઈ ને બધા જતા રહ્યા પછી પૂ. શાંતિદાદાએ મને રોક્યો, રાજીપો વરસાવ્યો. ડાયાબિટીસ હોવાથી સામાન્ય રીતે પૂ. શાંતિદાદા સભા પછી સીધા જમવા જ પધારે, પરંતુ તેને બદલે તેઓ મને તેમની ઑફિસમાં લઈ ગયા, પ્રસાદ આપ્યો, ભેટ્યા અને ખૂબ પ્રસન્નતા વરસાવી બોલ્યા કે, 'સાહેબદાદા મને સેવા સોંપે અને પછી ક્યારેક તે બાબતે પૂછે અને તે સમયે જો તે તૈયાર હોય તો મને અંતરે એટલી હાશ થાય! આજે જ્યારે સાહેબદાદાએ માંગ્યું ને તમે બૂમ પાડીને જવાબ આપ્યો તો હું તો ખુશ થઈ ગયો ! કોણે આપણને સેવા સોંપી અને કોણે આપણી પાસે માંગ્યું ! મજા આવી ગઈ આજે આપણને તો ! સાહેબદાદા આપણી પાસે કંઈક માંગે ને આપણે હાજર કરી દઈએ તો કામ થઈ જાય આપણું !' અને એમ કહીને સાહેબદાદા પ્રતિની તેમની ભક્તિનાં દર્શન કરાવતા ગયા ! મને ત્યારે આખી વાત સમજાઈ કે, ૨૩ જાન્યુઆરીએ યોગીબાપાનું એ પ્રવચન લખાવી લેવાની આજ્ઞા પૂ. સાહેબદાદાએ પૂ. શાંતિદાદાને કરી હતી. પરંતુ; તેનાં પાલનની તત્પરતા અને ધન્યતા તેમને કેટલી બધી હતી !

મને થયું કે, પૂ. શાંતિદાદા કેમ આટલા બધા રાજી થયા ? આમ જોઈએ તો પૂ. શાંતિદાદાએ આખું જીવન પૂ. સાહેબદાદાને સોંપી દીધું હતું. આવી તો લાખો આજ્ઞાઓ તેઓએ આટલાં વર્ષોમાં પાળી દીધી હશે અને કાયમ પાળતા જ રહ્યા છે. તેઓએ તો સાહેબજીને રાજી કરી જ લીધા હતા. તો આજે કદાચ આ એક આજ્ઞા ના પળાત તો શું થઈ જાત ? પણ આજેય તેઓના મુખેથી સરેલા એ શબ્દો મારા કાનમાં ગૂંજે છે કે, 'કોણે આપણને સેવા સોંપી અને કોણે આપણી પાસે માંગ્યું ! સાહેબદાદા આપણી પાસે કઈંક માંગે ને આપણે હાજર કરી દઈએ તો કામ થઈ જાય આપણું !' અને પછી તો આ પ્રસંગને તેઓએ ઓછામાં ઓછો પંદર વખત યાદ કર્યો હશે.

તે દિવસે પણ અને જીવનભર પૂ. સાહેબદાદાની આજ્ઞાનાં પાલન માટે તેઓ કેવા તત્પર રહ્યા તેનું આ દર્શન હતું ! સંતભગવંત સાહેબજી પ્રતિનો તેમનો આ સ્વામીસેવકભાવ હતો, જે ભક્તિની પરાકાષ્ઠાએ હતો ! આ પ્રસંગ મારા જીવનનો અમૃત અનુભવ બન્યો કે જેણે મારા જીવનમાં ગુરુ આજ્ઞાપાલનનું મહત્ત્વ દૃઢ કરાવ્યું ! આવી તો ઘણી બધી કૃપા પૂ. શાંતિદાદાએ મારા અને આપણા સૌ પર કરી છે, જેને માટે આપણે તેઓના શાશ્વતકાળ પર્યંત ઋણી છીએ. આમ તો રોજ, પણ આજે તેઓના પ્રાગટ્યમંગલે વિશેષ તેઓની સ્મૃતિ કરી, તેઓના શ્રીચરણે અનંત વંદન ધરું છું ! તેઓને સદાકાળ પ્રસન્ન કરી શકું તેવી પ્રાર્થના ધરું છું ! તેઓએ વરસાવેલ પ્રેમ અને કૃપા માટે તેઓનો અંતરથી આભાર વ્યક્ત કરું છું ! ◆